

**કેમીનોવા ના પ્રત્યેક કર્મચારી પ્રતિ:**

અમો એક જવાબદાર વ્યવસ્થાપન એ વાત ની ખાતરી આપી એ છે કે કેમિનોવા ગ્રુપનું મેનેજમેન્ટ એ વાત સુનિશ્ચિત કરવા માંગે છે કે અમે જે રીતે કંપની ચલાવીએ છીએ એ આંતરાષ્ટ્રીય પ્રણાલીઓને અનુરૂપ છે, સ્થાનિક કાયદાને અનુરૂપ છે અને સમગ્રગ્રુપમાં જે મેનેજમેન્ટ મૂલ્યોની અભિવૃદ્ધિ કરવા માંગીએ છીએ એને પણ અનુરૂપ છે. તેથી અમે વ્યાવસાયિક સિદ્ધાંતોની કેટલીય આચારસંહિતા તૈયાર કરી છે. આપણા ઓર્ગેનાઇઝેશનમાંથી દરેક વ્યક્તિ આ સિદ્ધાંતોથી પરિચિત હોય જેથી આપણે સાથે મળીને જે રીતે આપણી કંપનીનો વિકાસ કરવા ઇચ્છીએ છીએ તે કરી શકીએ અને તેથી આપણો બિઝનેસમાં અગ્રણી કંપનીઓમાંથી એક કંપની હંમેશા માટે બની શકીએ. અમારી કંપની ના દરેક વ્યક્તિ આ સિદ્ધાંતો થી પરિચિત હોવા જોઇએ જેથી આપણે સૌ સાથે મળી કંપની ને એક સર્જનાત્મક મુલ્ય તથા સમાજીક જવાબદારી વાળી કંપનીના રૂપ માં વિકસાવી શકીએ જે આપણે સૌ ઇચ્છીએ છીએ.

સર્વોત્તમ, આદરનીય શુભેચ્છા,

**કર્ટ પેડેરસન કાલુંડ**

પ્રેસિડેન્ટ અને સીઈઓ

# વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતા

કેમિનોવા વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતા કંપનીના નિયમોનું સર્વમાન્ય સ્વરૂપે વર્ણવે છે જેનું પાલન કંપનીના બધા કર્મચારીઓએ કરવાનું રહે છે, એ ભલે પછી વિશ્વના કોઈપણ વિસ્તારમાં હોય. આ આચારસંહિતા આપણી વહીવટી અને કોર્પોરેટ જવાબદારીઓ પ્રત્યેક આપણા અભિગમને આધાર આપે છે.

**૧. સંચાલનના ધારાધોરણો**

કેમિનોવા એનું કાર્યસંચાલન વ્યાવસાયિક નિપુણતા સાથે અને પારદર્શકપણે કરે છે તેમજ માનવાધિકારના આદર સાથે અને કર્મચારીઓના હિતની જાળવણી સાથે કરે છે.

**૨. કાયદાનું પાલન**

જે દેશોમાં કાર્યસંચાલન હોય ત્યાંના કાયદા અને નિયમનું પાલન કેમિનોવાની કંપનીઓ અને કર્મચારીઓએ કરવું જરૂરી છે.

**૩. વ્યવસ્થાપન**

કેમીનોવા ગ્રુપની દરેક કંપનીઓ તથા વિભાગો સ્વતંત્રપણે કેમીનોવામાં પ્રાદેશીક માળખા તથા વૈશ્વીક કાર્ય પ્રણાલી પ્રમાણે સંચાલીત છે. કેમીનોવા ના બોર્ડના સભ્યોની એ જવાબદારી છે કે દરેક કંપની તથા વિભાગોનું વ્યવસ્થાપન કંપનીના વ્યાપારીક સિદ્ધાંતો પ્રમાણે થાય છે કે કેમ એ વાતની ખાતરી કરવી.

**૪. કર્મચારીઓ**

કેમિનોવા પરસ્પર વિશ્વાસ અને આદર પર આધારીત કાર્ય કરવા માટેનાં વાતાવરણ માટે વચનબદ્ધ છે. જેમાં પ્રત્યેક વ્યક્તિ કંપની ની કામગીરી અને પ્રતિષ્ઠા માટે જવાબદારી લેવા માંગે છે. કેમિનોવા માત્ર જે કામગીરી કરવાની હોય એ માટેની શૈક્ષણિક યોગ્યતા અને કૌશલ્યના આધારે જ કર્મચારીઓને નિયુક્ત કરે છે, કામગીરી સોંપે છે અને અભિવૃદ્ધિ કરે છે. બધા કર્મચારીઓને સુરક્ષિત અને સ્વસ્થ કાર્યસ્થિતિ આપવા માટે કંપની વચનબદ્ધ છે. કંપની અસ્વૈચ્છિક મજૂર અથવા બાળમજૂરનો ઉપયોગ નથી કરતી. કંપની વ્યક્તિગત અને કર્મચારીઓના સંગઠન સ્વાતંત્ર્યના હકનો આદર કરે છે. કંપની સારા કોમ્યુનિકેશન અને સારા કાર્ય સંબંધો સુનિશ્ચિત કરવા અથાગ પ્રયત્નો કરે છે.

**૫. ગ્રાહકો વિતરણ અને ઉપભોક્તા**

જંતુનાશકના વિતરણ અને ઉપયોગના સંબંધમાં જવાબદારીપૂર્ણ સંભાળની આચારસંહિતા અને સિદ્ધાંતોના એફએઓ, તેના અનુપાલન માટે કેમિનોવા સતત પ્રયત્નો કરે છે. આ ઉપરાંત, વધુમાં એ સુનિશ્ચિત કરે છે કે પ્રત્યેક કેમિનોવા કંપની સ્થાનિક/પ્રાદેશિક ઈન્ડસ્ટ્રિયલ ઓર્ગેનાઈઝેશન, જે અન્ય બાબતોની સાથે ઉત્પાદનના કારોબારમાં પ્રોડક્ટ સ્ટયુઅર્ડશીપ માં સંલગ્ન હોય અને વધુમાં જોખમને મર્યાદિત કરતી પ્રવૃતિઓમાં અન્ય શેરધારકો સાથે સહભાગી હોય.

**૬. જાહેર ક્ષેત્રનો હિસ્સો ધરાવતી કંપની ઓરીગા ઇન્ડસ્ટ્રીઝ એ/એસ મા શેર ધારકો**

આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત સારા કોર્પોરેટ વહિવટને અનુરૂપ કેમિનોવા સંચાલન કરે છે. કંપની પ્રવૃત્તિઓ, ઓર્ગેનાઈઝેશનનું સ્ટ્રક્ચર (માળખું), નાણાંકીય સ્થિતિ અને કામગીરી પરની ભરોસાપૂર્ણ જાણકારી, તદઉપરાંત ઉદ્દેશો તથા રણનીતી શેરધારકોને સમયસર અને નિયમિત આપશે .

**૭. સપ્લાયર્સ**

કેમિનોવા સપ્લાયરો સાથે આપસી ફાયદાકારક સંબંધો સુનિશ્ચિત કરશે અને અલગ કોડમાં સપ્લાયરોની અપેક્ષાને નિશ્ચિત સ્વરૂપ આપશે.

**૮. અન્ય વ્યાવસાયિક સંબંધો અને ભાગીદારો (સંયુક્ત સાહસો)**

કેમિનોવા માટે એ અગત્યનું છે કે એની સાથે વ્યાવસાયિક સંબંધો ધરાવનારા અને ભાગીદારો નૈતિક ધારાધોરણોનું પાલન કરે અને જ્યારે બન્ને કરાર કરે અને સહયોગ ચાલુ હોય ત્યારે આવા પાલનની ખાત્રી કરવા કંપની અથાગ પ્રયત્ન કરશે.

**૯. પર્યાવરણ**

પર્યાવરણીય અસરો, રસાયણનાં ઉત્પાદન અને વેચાણનાં સંબંધમાં અગત્યનું છે. આ ક્ષેત્રમાં જવાબદારીપૂર્ણ વર્તન કેમિનોવા માટે ઉચ્ચ મહત્વનાં છે, અને આ માટે આ ક્ષેત્રમાં સતત સુધારા માટે કંપની અથાગ પ્રયત્ન કરે છે.

**૧૦. સ્પર્ધા**

કેમિનોવા મુક્ત સ્પર્ધામાં માને છે અને સ્પર્ધા માટેના ઓઈસીડીના માર્ગદર્શી સિદ્ધાંતોને સંપૂર્ણપણે સ્વીકારે છે.

**૧૧. વ્યાવસાયિક પ્રમાણિકતા**

વ્યાવસાયિક અથવા નાણાકીય વૃદ્ધિ પ્રાપ્ત કરવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે લાંચ અથવા અન્ય અયોગ્ય ફાયદા લેતી નથી અથવા આપતી નથી. લાંચ માટેની કોઈ પણ માંગણી અથવા પ્રસ્તાવ તરત જ રદ કરાય છે અને મેનેજમેન્ટને એની જાણ કરાય છે. સ્થાનિક રૂપથી સ્વીકાર્ય નજીવી મર્યાદાઓ કરતાં વધારે મૂલ્યની ભેટ કર્મચારીઓએ પ્રસ્તાવિત ન જ કરવી, ન જ આપવી અથવા ન જ લેવી.

**૧૨. હિત પ્રતિકૂળતા**

કેમિનોવા બધા કર્મચારીઓ પાસેથી આ અપેક્ષા રાખે છે કે, કંપની પ્રત્યે તેઓની જવાબદારીઓમાં પ્રતિકૂળતા ઊભી કરે એવી વ્યક્તિગત પ્રવૃતિઓ અથવા નાણાકીય હિત નહિ કરે એ અપેક્ષિત છે. કેમિનોવાના કર્મચારીઓએ, તેઓની પદવીનો દુરુપયોગ કરીને પોતાના અથવા અન્ય માટે ફાયદો મેળવવાનો પ્રયત્ન ન જ કરવો.

**વ્હીસલ બ્લોવર કાર્ય**

આ સિદ્ધાંતોના ઉલ્લંઘન ની જાણકારી વ્હીસલ બ્લોવર કાર્ય દ્વારા થઈ શકે છે. આ કાર્ય પર કોઇપણ વ્યક્તિ સિદ્ધાંતોની ઉલ્લંઘન વિશે ની જાણકારી આપી શકે છે, જાણકારી સંપુર્ણપણે ગોપનીય રહેશે તથા જાણકારી આપનાર પર કોઈ નકારાત્મક પ્રતિભાવ નહી પડે તેની ખાતરી આપવા માં આવે છે. સિદ્ધાંતોનુ સંપુર્ણપણે પાલન કરવું એ કંપનીનાં હિત માં છે.

ઉલ્લંઘન ની જાણકારી www.whistleblow.me પર આપી શકાય છે. જેનું સંચાલન બે કાયદાકીય સલાહકાર Tina Monberg તથા Pia Justesen કરે છે. જાણકારી આપવાવાળાની ઇચ્છા અનુસાર આપનારનું નામ ગોપનીય રાખી જાણકારી કેમીનોવા Whistleblower સમિતિને પહોંચાડવામાં આવશે જે તેની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરશે.

ઉલ્લંઘન ની કોઈપણ જાણકારી નીચે જણાવેલ ઇમેલ અથવા સાધારણ પત્ર દ્વારા નીચેના સરનામા પર થઈ શકે છે.

**e-mail :** mail@whistleblow.me અને

પત્ર વ્યવહારનું સરનામું: **Attn :** Tina Monberg or Pia Justesen, mediationcenter a/s, Strandvejen 203, DK-2900 Hellerup,

વધારે જાણકારી માટે **website :** www.whistleblow.me

માહિતિ ની સીધી જાણકારી પણ કેમીનોવા ની Whistleblower સમીતી ને પત્ર તથા ઇ–મેલ દ્વારા નીચે ના સરનામે થઈ શકે છે.

Cheminova A/S, P.O. Box 9, DK-7620 Lemvig,
**Attn :** Vice President, SHE & QA, Christian Bastholm,
**e-mail :** christian.bastholm@cheminova.com or
**Attn :** Vice President, Corporate Communication, Lars Erik Kruse Pedersen,
**e-mail :** lars-erik.pedersen@cheminova.com or
**Attn :** Vice President, Human Resources, Ole Zinck,
**e-mail :** ole.zinck@cheminova.com

ફેબ્રુઆરી ૧, ૨૦૧૧

# વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતા



CHEMINOVA®

## કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટીઝ ૨૦૧૧